
## વડીલોને વંદન અભિનંદન


છબીલદાસ મણિલાલ પરીખ
(૧૯૨૫)ફોનઃ ૨૩૨૨૭૦૫૯


રમેશચંદ્ર ગોવિંદજી ત્રિવેદી
(૧૯૩૬)મો.૯૮૯૮૦૭૬૯૭૬


અંબાલાલ મોતીરામ પ્રજાપતિ
(૧૯૪૦)ફોનઃ ૨૩૨૨૪૩૪૧


ગીતાબેન અમરીષભાઇ વ્યાસ
(૧૯૫૫)ફોનઃ ૨૩૨૬૧૭૭૧


યોગી રામદાસ રાવળ (કથાકાર)
(૧૯૫૪)મો. ૮૮૬૬૦૯૦૩૩૭

# બળાત્કાર-છેડતીના ગુના કંટ્રોલમાં લેવા '૧૮૧' સેવા શરૂ કરાશે..!!

### કૉલ મળતા જ પોલીસની ટીમ ગણતરીની મિનીટોમાં સ્થળ પર પહોંચી જશે : દિલ્હીમાં સેવાની જાહેરાત બાદ ગુજરાતમાં ઉચ્ચ સ્તરે વિચારણા

ગાંધીનગર, તા.૩૦

દિલ્હી ગેંગરેપની હિચકારી ઘટના બાદ દેશભરમાં ઝડપી ન્યાય, ઝડપી માંગણી અર્થે પ્રદર્શનો અને રેલીઓ શરુ થઈ ગઈ છે ત્યારે પ્રદર્શનકારીની માંગણીને ધ્યાને લઈ દિલ્હી સરકારે ટેલીકોમ મંત્રાલયના સહયોગથી '૧૮૧' નંબરની સેવા શરુ કરવાની જાહેરાત કરી દીધી છે ત્યારે ગુજરાતમાં પણ બળાત્કાર તથા છેડતી જેવા કિસ્સાઓને કંટ્રોલમાં લેવા માટે આ સેવા અમલી બનાવવા માટે ગંભીરતાથી વિચારણા ઉચ્ચ સ્તરે ચાલી રહી છે.

દિલ્હી સરકારે ટેલીકોમ મંત્રાલયના સહયોગથી શરૂ કરેલી '૧૮૧' સેવા ગુજરાત રાજયમાં કાર્યરત ઈમર્જન્સી ૧૦૮ સેવા જેવી હશે. જેમાં કોઈ દર્દીનો કોલ મળતાંની સાથે જ તબીબી ટીમ સાથેની એમ્બ્યુલન્સ ગણતરીની મીનીટોમાં દર્દી સુધી પહોંચી સમયસર હોસ્પિટલ પહોંચાડે છે તેમ '૧૮૧' સેવા પર કોલ મળતાં જ પોલીસની ટીમ ૫ થી ૧૦ મિનીટમાં બનાવ સ્થળ પર પહોંચી જશે. આ સેવા કોઈ પણ યુવતી સાથે મશ્કરી, છેડતી તથા બળાત્કાર કે પ્રયાસ ન થાય તે માટે અમલી બનાવવામાં આવી છે. કોઈ પણ કોલ મળતા પોલીસ સ્થળ પર પહોંચી જશે અને આરોપીને પકડી પાડી કડક કાર્યવાહી કરશે. આ સેવાને અમલી કરવાની જાહેરાત દિલ્હીમાં થઈ ચુકી છે. ત્યારે ગુજરાત રાજયમાં પણ આ પ્રકારના કિસ્સાઓ પર નિયંત્રણ લાવવા આ સેવા શરુ કરવા માટે ઉચ્ચ કક્ષાએ ગંભીરતાથી વિચારણા ચાલી રહી છે.

# થર્ટી ફર્સ્ટ પાર્ટીમાંથી નીકળેલી યુવતીઓનું પણ બ્રીથ ચેકીંગ થશે

### ઉજવણીનું કાઉન્ટડાઉન શરૂ : ૧૨ના ટકોરે તમામ ડી.જે. બંધ કરાવાશે : સતત પોલીસ પેટ્રોલીંગ રહેશે : ડી.જે. પાર્ટીમાં આકસ્મિક પહોંચી પોલીસ કોઈ પણ વ્યકિતને ચકાસશે

ગાંધીનગર, તા.૩૦

થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે યુવક-યુવતિઓએ અઠવાડિયા અગાઉથી જ પ્રોગ્રામ ફીકસ કરી નાંખ્યા છે ત્યારે તમામ ડી.જે. નાઈટ કાર્યક્રમો બારના ટકોરે બંધ કરી દેવાના આદેશને પગલે જિલ્લા પોલિસ પણ અત્યારથી જ સજ્જ થઈ ગઈ છે. છાકટા બનીને ફરતા માત્ર યુવકો જ નહીં પરંતુ નશામાં ધુત યુવતિઓને પણ પોલીસ બ્રીથ એનેલાઈઝરથી તપાસશે તો બીજી તરફ બાર વાગ્યા પછી પણ ડી.જે. ચાલુ હશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

નવા વર્ષની ઉજવણીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે જિલ્લા પોલિસ ૧લી જાન્યુઆરી સવારે ૬ વાગ્યા સુધી પેટ્રોલીંગ કરશે. શહેરના મુખ્ય પ્રવેશદ્વારો સહિત નગરનાં મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરિક માર્ગો પર પોલીસ સતત વોચ ગોઠવશે. પાર્ટી પ્લોટ, ફાર્મહાઉસો પર પણ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલિસ તકેદારી રાખશે. ૧૨ વાગે તમામ કાર્યક્રમો બંધ કરવાની સુચના આપી દેવામાં આવતા ૧૨ વાગ્યા બાદ એક પણ ડી.જે. ચાલુ રહેવા દેવામાં નહીં આવે તેને માટે પોલિસની વિવિધ ટીમ બનાવી દેવામાં આવી છે.

ગાંધીનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતા બહારના રાજયોના વિદ્યાર્થીઓ ભણતા હોવાથી ત્યાં પણ પોલીસ તકેદારી રાખશે. થર્ટી ફર્સ્ટને માણવા દારૂના નશામાં રાચતા યુવાનો ઉપરાંત યુવતીઓ પર પણ પોલીસ ઘોંસ બોલાવશે અને તમામના વાહન ચેકીંગની સાથો સાથ બ્રિથ એનેલાઈઝરની ટેસ્ટીંગ પણ કરવામાં આવશે. જો નશાની હાલતમાં કોઈ વ્યકિત પકડાશે તો તેના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે જિલ્લા પોલિસની વિવિધ ટીમને ૯ જેટલા બ્રિથ એનેલાઈઝર સોંપી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે પોલીસ રાત્રિના સમયે કોઈ પણ પાર્ટીમાં આકસ્મિક આવી પહોંચશે અને પીધેલા જણાય તેવા તમામનું ટેસ્ટીંગ કરશે.

# પાલનપુર સહિત જિલ્લાભરમાં શિયાળાની શિત લહેરથી જનજીવન અસ્ત વ્યસ્ત

### રવિવારે શહેરીજનો ઘરોમાં પુરાઈ રહ્યા

પાલનપુર, તા.૩૦

ડિસેમ્બર ૨૦૧૨ના છેલ્લા અઠવાડીયામાં શિયાળો પૂરબહારમાં જામ્યો છે તેમાં છેલ્લા ચાર દિવસથી કાતિલ ઠંડી પડી રહી છે. ત્યારે શહેરીજનો ઠંડીથી બચવા માટે ગરમ કપડાં-હીટર, સગડી, તાપણીના સહારે રક્ષણ મેળવી રહ્યા છે.

ત્યારે આમ જનતા શ્રમજીવી પરીવારો મુંગા પશુઓ-પક્ષીઓની હાલત ભારે કફોડી બનવા પામી છે ત્યારે મંદિર-મસ્જીદો બહાર ભિક્ષુકોની હાલત ભારે કફોડી બની છે ત્યારે સામાન્ય માણસ આ ઠંડી ના કહેર સામે રક્ષણ મેળવવા માટે અવનવા પેંતરા-પ્રયાસો કરી રહ્યો છે. ત્યારે આજે રવિવારે શહેરીજનો ઠંડીના પવનના સુસવાટા વચ્ચે દિવસ દરમિયાન ઘરમાં જ પુરાઈ રહ્યા હતા ત્યારે ના છુટકે બહાર ગામ કે કામે જવા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ બની નીકળ્યા હતા.

જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં ડીસા-ધાનેરા-દાંતીવાડા-પાંથાવાડા સહિત દાંતા-અંબાજી-અમીરગઢ-વડગામ-થરાદ-વાવ જિલ્લાના મોટા ભાગોમાં શિયાળો પૂર બહારમાં ખીલ્યો છે ત્યારે ખેડૂતો સિંચાઈમાં પણ જો વધુ ઠંડી પડે તો ભારે નુકશાનની દહેશત વ્યકત કરી રહ્યા છે.

જો કે, ઘઉં-બટાકા માટે આ ઠંડી સારી હોવાનું નિષ્ણાંતો કહે છે. એકંદરે કાતિલ ઠંડી ઉત્તર ભારતમાં રહેલી હિમવર્ષા કારણભૂત છે ત્યારે વહેલી સવારે જોગીંગ, કસરત, વોકીંગ લાફીંગ કલબમાં જનારા પણ ઠંડીને લીધે સમય બદલાયો છે. વહેલી સવારે શાળા-કોલેજો-બાલમંદીરના ભૂલકાંઓ ઠંડીને લીધે થરથરી રહ્યા છે.



# દિલ્હી ગેંગ રેપની પિડીતાનું મોત થતાં પાલનપુરની મહિલાઓએ શ્રધ્ધાંજલી અર્પી

### બે મિનિટનું મૌન પાળીને કેન્ડલ સળગાવી શ્રધ્ધાંજલી આપી

દિલ્હી ગેંગ રેપનો શિકાર બનેલી ૨૩ વર્ષીય યુવતીનું સિંગાપુરની માઉન્ટ એલિઝાબેથ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન જિંદગીના જંગમાં હારી જઈને તેણીનું મોત નિપજતાં દેશભરમાં ખૂબ જ શરમજનક ઘટના બની હતી. પિડીતાને ન્યાય મળે તે માટે સમગ્ર દેશમાં આક્રોશ સાથે દેખાવો પણ થયા હતા જ્યારે તેણીની તબિયત નાજૂક બનતાં તેણીના માટે પ્રાર્થનાઓ, દુઆઓ પણ સમગ્ર દેશમાં કરવામાં આવી હતી. આખરે સતત ૧૨ દિવસથી જિંદગીના જંગ સામે બહાદુરીથી લડનારી યુવતિએ અંતિમ શ્વાસલેતાં તેને શ્રધ્ધાંજલી પણ સમગ્ર દેશમાં અપાઈ રહી છે. તેવી જ રીતે પાલનપુર ખાતેના ગુરુનાનક ચોક ખાતે મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈને ન્યાય અપાવવા અને દોષિતોને ફાંસીના માંચડે લટકાવવા તેના સંદર્ભે ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને સમગ્ર મહિલાઓએ કેન્ડલ સળગાવી મૃતકની યાદમાં બે મિનીટનું મૌન પાળીને શ્રદ્ધાંજલી આપી હતી. આ શ્રદ્ધાંજલીમાં મોટી સંખ્યામાં મહિલાઓ એકત્રીત થઈ હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ન્યુ યર પાર્ટી પૂર્વે સાવધાની

ગાંધીનગર,તા. ૩૦

દિલ્હીમાં તાજેતરમાં ગેંગ રેપની અમાનવિય ઘટના બાદ ગાંધીનગર અને રાજ્ય પોલીસે પણ ન્યુ યરના દિવસે કોઈ પણ અનિચ્છનીય બનાવને ટાળવા કમર કસી લીધી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. પાર્ટી માટે નવા નિયમો પહેલાથી જ જાહેર કરવામાં આવી ચુકયા છે. જેથી કોઈ આયોજકો આનો ભંગ કરશે તો કઠોર પગલા લેવામાં આવશે. છેલ્લા કેટલાક દિવસથી પોલીસ આના માટે વાતચીતમાં વ્યસ્ત હતી. આ વખતે તમામ ડાન્સ પાર્ટીનુ વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવશે સાથે સાથે અસામાજિક તત્વો પર નજર રાખવામાં આવી રહી છે. સાવચેતીના પગલા નીચે મુજબ છે.

- ન્યુ યર પાર્ટી આજે રાત્રે ૧૨ વાગ્યા પછી ચાલી શકશે નહી
- ન્યુ યરની પાર્ટીમાં આવનાર લોકો માટે આઈકાર્ડ ફરજિયાત રહેશે
- તમામ પાર્ટીનુ વિડિયો રેકોર્ડિંગ કરવાની બાબત ફરજિયાત રહેશે
- પાર્ટીમાં શરાબ, માદક દ્રવ્યો અને હુક્કાબારનો ઉપયોગ કરી શકાશે નહી
- પાર્ટીમાં હાજર રહેનાર તમામ લોકોના નામ, સરનામા તથા ઓળખ પત્રો આયોજકોને રાખવા પડશે
- ન્યુ યરની પાર્ટીના તમામ કાર્યક્રમનું સીસીટીવી દ્વારા રેકોડિંગ કરવાની બાબત ફરજિયાત
- કાર્યક્રમોના આગલા દિવસો રેકોર્ડિંગની માહિતી પોલીસ સ્ટેશમાં આપવી પડશે
- પાર્ટીમાં માત્ર કપલને જ એન્ટ્રી આપવામાં આવશે
- એકલા પુરૂષ અને એકલી મહિલાને પ્રવેશ કરવાની મંજૂરી ન આપવાની કડક સુચના આપવામાં આવી
- ન્યુયરની પાર્ટી જો ખુલ્લામાં રહેશે તો તે માત્ર ૧૦ વાગ્યા સુધી જ ચાલી શકશે
- પાર્ટી ઈન્ડોર હશે તો રાત્રે ૧૨ વાગ્યા સુધી જ ચાલી શકશે
- હોટેલો, ગેસ્ટ હાઉસ અને રેસ્ટોરન્ટમાં માલિકો સાથે પોલીસ દ્વારા બેઠક યોજવામાં આવી
- ઓળખ વગર કોઈને રૂમ નહી આપવાની સુચના આપવામાંઆવી
- તમામ ફાર્મ હાઉસ, કલબ અને પાર્ટી પર પોલીસની ચાંપતી નજર રહેશે
- જુદી જુદી જગ્યાએ પોલીસ દ્વારા તીવ્ર તપાસ હાથ ધરવામાં આવી
- શરાબીઓને પકડી પાડવા માટે પણ ઉંડી તપાસ શરૂ કરાઈ

# જીપીપી ગુજરાતને સાચી દિશા પૂરી પાડશે : કેશુભાઈનો મત


### કેશુભાઈ પટેલના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં ગેંગરેપનો ભોગ બનેલી યુવતીના મોત અંગે શોક પ્રસ્તાવ રજુ કરાયો

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત પરિવર્તન પાર્ટીના સીનીયર ઉપાધ્યક્ષ સુરેશ મહેતાએ રાજ્યમાં થતાં બળાત્કારના કિસ્સાઓ અંગે નરેન્દ્ર મોદી મોન કેમ છે. રાજ્યનો વિકાસદર ઘટવના આયોજન પંચના અહેવાલ છતાં પણ સરકાર વિકાસની ગુલબાંગો હાંકે છે. તેની સામે આપણે સત્યની લડાઈ લડવાની છે. આગામી સ્થાનિક સ્વરાજની લડાઈ લડવાનો મક્કમ નિર્ધાર પણ સુરેશ મહેતાએ રજુ કર્યો હતો. બીજી બાજુ અધ્યક્ષ સ્થાનેથી પ્રદેશના અધ્યક્ષ કેશુભાઈ પટેલે ઉપસ્થિત કાર્યકરોને પ્રેરણા મળે તેવા જંગસંઘના સમયના ઉદાહરણો આપીને ગુજરાત પરિવર્તન પાર્ટી ભવિષ્યમાં ગુજરાતને સાચી દિશા આપશે તેવો સંદેશ પાઠવ્યો હતો. કેશુભાઈએ ખાસ કરીને કાર્યકરોને અભિનંદન આપતા કહ્યુ હતુ કે મારી કલ્પના કરતા પણ વહેલા અને વધારે સંખ્યામાં આપ સૌને જોઈને મને પ્રેરણા મળે છે. આપણે ઓછા સમય અને સાધનોથી લડ્યા અને નવું વાતાવરણ ઉભુ કર્યુ છે. છેક છેલ્લે સુધી લડત આપી હતી. ગુજરાત પરિવર્તન પાર્ટીના બંને ચુંટાયેલા ધારાસભ્યો કેશુભાઈ પટેલ અને નલિનભાઈનું પક્ષ દ્વારા અભિવાદન પણ કરવામાં આવ્યું હતુ. આજે ગુજરાત પરિવર્તન પાર્ટીની પ્રદેશની મિટિંગ કેશુભાઈના નેતૃત્વમાં પાલડીમાં ટાગોર હોલ ખાતે મળી હતી. આ બેઠકમાં દિલ્હીમાં ગેંગ રેપનો શિકાર બનેલી યુવતીના અવસાન અંગે શોકપ્રસ્તાવ પણ રજુ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત ગુજરાતમાં પણ હાલોલ ખાતે અઢી વર્ષની બાળકી સહિત રાજ્યમાં છેલ્લા એક સપ્તાહમાં બનેલી બળાત્કારની પાંચ ઘટનાઓ અંગે રાજયસરકારને તાકિદ કરતો ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આને પસાર પણ કરવામાં આવ્યો હતો. પ્રદેશ મહામંત્રી ઝડફિયાએ કાર્યકરો અને ચૂંટણીમાં લડેલા ઉમેદવારોને સંબોધન કર્યુ હતુ. ઝડફિયાએ કહ્યુ હતુ કે ખુબ ઓછા સમયે અને ઓછા સાધનોથી પ્રજા માટેની લડાઈ અમે લડ્યા છીએ.

## શબ્દાવલી - ૪૯૩૭



### આડી ચાવી

૧. ગોલ સાચવનાર (૫)
૩. વર્દીનો કલર (૨)
૫. ઉજાગરો (વ્રતમાં કરે તે) (૪)
૭. એક સુંદર ફુલનું વૃક્ષ (૪)
૧૦. દૂધની એક વાનગી (૨)
૧૧. અડી-કડી વાવને... કૂવો ના જુએ તે જીવતો મુવો... (૨)
૧૩. ઓછું પ્રકાશિત (૨)
૧૫. ... કરવું, એક સંસ્થાને બીજી સંસ્થામાં સમાવી એકને બંધ કરવી (૨)
૧૬. બરોબર તૈયાર ના થયું હોય તેવું ચીંથરે હાલ (૬)
૨૦. પહેલાં યુધ્ધમાં ધનુષ્યનો... કરાતો
૨૧. જાદુ, આશ્ચર્યજનક દેખાવ કરવો તે (૪)
૨૩. રોકવું તે (૨)

### ઊભી ચાવી

૧. તલ-શીંગ વગેરેની ગોળમાં બનાવાતી વાનગી (૫)
૨. છુટ્ટી (૨)
૩. ખલાસી, વહાણ ચલાવનાર (૩)
૪. કોતર, દરાર (૨)
૬. ગાય-ભેંસને બાંધવાની જગ્યા (૩)
૮. જીવ, વરરાજા પરણવા જાય તે (૨)
૯. તમારૂં (ગીત-કાવ્યમાં) (૨)
૧૨. જવાબદારી (૨)
૧૪. મલકવું તે (૪)
૧૫. અર્થ, ભાવ (૩)
૧૭. રહેઠાણ, મકાન (૨)
૧૮. આવક (૩)
૧૯. ગ્રાહક (૩)
૨૨. મોકો (૨)

### શબ્દાવલી ૪૯૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) દિલાવર (૬) સ્તુતિ (૭) પરાગ (૯) પળોજળ (૧૦) અતિશય (૧૨) વ્યસ્ત (૧૫) જગાડવું (૧૬) પામર (૧૭) સવાલ (૧૮) વારો (૧૯) ખાવું

**ઊભી ચાવી :-** (૧) દિમાગ (૨) વસ્તુસ્થિતિ (૩) રતિ (૪) પીપળો (૫) ફાગણ (૮) રાજમા (૯) પય (૧૦) અસ્ત (૧૧) શણગાર (૧૨) વ્યગ્ર (૧૩) નવુસવુ (૧૪) બટલર (૧૫) જમ (૧૬) પારો

# નાયલોન દોરાના ઉપયોગ અને વેચાણ પર પ્રતિબંધ

### અમદાવાદ શહેર પોલીસ કમિશનર વતી જાહેરનામુ જારી થયુ : ૧૬મી જાન્યુઆરી સુધી પ્રતિબંધ અમલમાં રહેશે

અમદાવાદ,તા,૩૦

ઉત્તરાયણ દરમિયાન પાકા દોરાથી પતંગ ઉડાવવાના કારણે ઘણા લોકો અને પક્ષીઓ ઘાયલ થઈ જવાની ઘટનાઓ સતત બનતી રહે છે. પાકા દોરાથી કપાઈ જવાના કારણે મૃત્યુના પણ કિસ્સાઓ બને છે. આ પ્રકારના બનાવોને રોકવા માટે આજે નવું જાહેરનામુ જારી કરવામાં આવ્યુ હતુ જેના ભાગરૂપે ઉત્તરાયણના તહેવાર દરમિયાન સિન્થેટિક મટેરિયલ, નાયલોન વગેરેથી તૈયાર કરવામાં આવેલા પાકા દોરાથી પતંગ ચગાવી શકાશે નહીં. પર્યાવરણ રક્ષણ ધારા ૧૯૮૬ની કલમ પાંચ હેઠળ આ પ્રકારનો પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉપરાંત જાહેર માર્ગો પર પતંગ ઉડાવવાથી વાહન ચાલકો અને રાહદારીઓને ઘણી વખત ઈજાઓ થઈ જાય છે અને લોકોની જિંદગી જોખમમાં મુકાય છે.

નાયલોન દોરાથી પતંગ ચગાવવા, તેનો ઉપયોગ કરવા અથવા તો તેના હેતુથી વેચાણ કરવા અને જાહેર માર્ગો પર પતંગ ઉડાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનરના આદેશ હેઠળ સમગ્ર વિસ્તારમાં આ આદેશ લાગુ કરશે. ઉત્તરાયણ પર્વને ધ્યાનમાં લઈને બીજી જાન્યુઆરીથી ૧૬મી જાન્યુઆરી સુધી આ પ્રતિબંધ અમલી રહેશે. નવા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે આ આદેશનો ભંગ કરનાર અથવા તો ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ હેઠળ પગલા લેવામાં આવશે. કલમ ૧૧૩, ૧૧૭ અને ભારતના ફોજદારી અધિયમની કલમ ૧૮૮ હેઠળ સજા કરવામાં આવશે. ઉત્તરાયણના તહેવાર દરમિયાન જાહેર માર્ગો પર પતંગ ચગાવવાથી ઘણા લોકો ઈજાગ્રસ્ત થઈ જાય છે. અકસ્માતનો પણ શિકાર થઈ જાય છે. દર વર્ષે આવા શ્રેણીબદ્ધ બનાવો સપાટી પર આવે છે. આવા બનાવોને રોકવા માટે તંત્ર દ્વારા પગલા લેવામાં આવ્યા છે. પતંગ દોરા અંગે જાહેરનામામા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે જાહેર માર્ગો પર પતંગ ચગાવી શકાશે નહીં.

# પ્રદેશ ભાજપ આગેવાનોની ઉજીએ મળનારી મહત્ત્વની બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ હવે આગામી માસમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ ભવ્ય વિજય મેળવવા માટેની રણનીતિ ઘડવા ૩જી જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે ભાજપ પ્રદેશ આગેવાનોની એક મહત્ત્વની બેઠક મળનારી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૩જી જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર. સી. ફળદુની અધ્યક્ષતામાં એક મહત્ત્વની પ્રદેશ હોદ્દેદારોની બેઠક મળનારી છે. આ બેઠકમાં વિવિધ મોરચાના પ્રદેશ આગેવાનો પણ ઉપસ્થિત રહેનાર છે.

તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના કાર્યકરોએ ભાજપને વિજય અપાવવા માટે તનતોડ મહેનત કરી હતી અને કાર્યકરોની આ મહેનતે રંગ લાવી દઈને ભાજપને ૧૧૫ બેઠકો પર વિજય અપાવીને ગુજરાતમાં પુનઃ ભાજપ સત્તા સ્થાને આવ્યું છે.

વિધાનસભા ચૂંટણીઓમાં વિજય મેળવ્યા બાદ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે આ ચૂંટણીઓમાં પણ વિજય મેળવવા માટે ભાજપ દ્વારા ક્વાયત શરૂ કરવા માંડી છે. ૩જીએ મળનારી બેઠકમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ચર્ચા વિચારણા કરીને ભાવી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે અને જિલ્લા તાલુકા કક્ષાએ આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે જિલ્લા તાલુકા આગેવાનોને જવાબદારીઓ સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત આ બેઠકમાં ભાજપને વિધાનસભા ચૂંટણીમાં મળેલા વિજયને વધાવવા અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ચોથીવાર મુખ્યમંત્રી બનીને હેટ્રીક મારી હોઈ રાજ્યમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સન્માન માટે પણ સન્માન સંમેલનો યોજવા માટેના કાર્યક્રમો ઘડી કાઢીને યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર અને પક્ષના સંગઠન વચ્ચે સંતુલન જળવાઈ રહે તે માટે સમન્વય રાખવા તેમજ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા વિકાસ કામો અને કરેલી પ્રશંસનીય કામગીરીની વિગતો પણ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેના કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે લોકસભા ચૂંટણી માટે પણ અત્યારથી ચૂંટણી તૈયારીઓ શરૂ કરવા માટે પણ ચર્ચા-વિચારણા કરીને કાર્યક્રમો ઘડી કાઢીને અમલમાં મૂકવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## બેંકિંગ સેવા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંડળોને અગાઉ રૂા. ૫૦ હજાર સુધીની કેશ ક્રેડિટ અપાતી હતી તે વધારીને રૂા. એક લાખ સુધીની કેશ ક્રેડિટ આપવા માટેના આદેશો પણ જારી કરી દેવામાં આવ્યાં છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૪૦૦ જેટલા સખી મંડળોને બેંક લિંકેજીજ આપવાના બાકી છે. આ માટે જિલ્લાના અધિકારીઓ અને બેંકર્સ દ્વારા કવાયત તેજ કરી દેવામાં આવી છે. બેંક લિંકેજીજના મુદ્દે નાબાર્ડ અને જિલ્લા તંત્ર સાથે સુયોગ્ય સંકલન સાધી ખાસ ઝુંબેશ ચલાવવા માટે જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં હાલ ૮ ખાનગી બેંકોની શાખાઓ તેમજ રાષ્ટ્રીયકૃત બેંકોની ૧૨૯ જેટલી શાખો અને સહકારી બેંકો કાર્યરત છે. જિલ્લામાં ખાનગી બેંકો માત્ર શહેરી વિસ્તારોમાં જ આવેલી છે.

ગાંધીનગરમાં એક તરફ વાઇબ્રન્ટ સમીટના આયોજનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે પાટનગરના આ જિલ્લામાં જ હજુ ૧૩૦ ગામો બેંકિંગ સેવાઓથી વંચિત છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ વધુને વધુ બેંકોમાં ખાતા ખોલવા માટે વિરોધ અભિયાન યોજના માટે જણાવવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળેલ છે.


## ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

'વિદ્યાયન', સેક્ટર-૧૦એ, ગાંધીનગર

### ટૂંકી નિવિદા

સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે ટપાલ રવાના કરવા અંગેની કામગીરી માટે વાર્ષિક સર્વિસ કોન્ટ્રાકટ કરવા રસ ધરાવતી કુરીયર સર્વિસીસ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે.

ભાવપત્રક માટેના ફોર્મ તથા શરતો મંડળની કચેરીમાં રૂ. ૧૦૦/- રોકડા જમા કરાવવાથી કચેરીના કામકાજના સમય દરમિયાન તારીખ : ૨-૧-૨૦૧૩થી બપોરના ૧૬-૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે અને ભરેલા ટેન્ડર ફોર્મ મોડામાં મોડા તારીખ : ૧૬-૧-૨૦૧૩ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે. ટેન્ડર કવર ઉપર 'કુરિયર સર્વિસ માટે વર્ષ ૨૦૧૨-૧૩ માટેના ભાવ' લખી સીલબંધ કવરમાં કચેરીને પહોંચતા કરવાના રહેશે.

માહિતી/૧૮૮૩/૧૨-૧૩ નિયામક